કચ્છમિત્ર
બુધ-ગુરુવાર ■ તા. ૨૭-૦૫-૨૦૦૮

## ચારધામ યાત્રા સમાન મહેશ્વરી સમાજનું પવિત્ર સ્થાન

# શેણીથર (સિંધ)

**પાકિસ્તાનના મહાનગર ગણાતા કરાચી શહેરમાં ૭૦થી ૮૦ હજાર મહેશ્વરી મેઘવાળ સમાજની વસતી છે. તે સિવાય હૈદ્રાબાદ, ઉમર કોટ, મિરપુરખાસ, માતલી, બદીન, નગર ઠઠા, હાજી સાવણ, ટડો ઇસ્માઇલ તેમજ સિંધના વિવિધ ગામ-શહેરોમાં તેમજ થરપારકર જિલ્લામાં મહેશ્વરીઓ વસવાટ કરે છે**



મહેશપંથીઓ ગણેશના અવતાર માને છે તેવા લુણંગદેવનું સ્થાનક : ખરઈ (સિંધ)

મહેશપંથી મહેશ્વરી મેઘવાળ સમાજની ચારધામની શેણીથર યાત્રા સિંધ (પાકિસ્તાન)માં આવેલી છે. એક સમયમાં સરળ અને નજીક ગણાતી શેણીથરની યાત્રા હવે કઠીન, મુશ્કેલ અને અનેક સમસ્યા રૂપ બની હોવાનું હાલમાં પવિત્ર યાત્રા કરીને પરત કચ્છ આવેલા

**ફકીરમામદ ચાકી**

યાત્રાળુઓના સંઘના મુખી તરીકે ગયેલા રામજીભાઇ કારા માગલિયા-લાખોંદવાળાએ સિંધ-પાકિસ્તાન ખાતે આવેલા યાત્રાધામો તેમજ ત્યાંનો મહેશ્વરી સમાજ અને યાત્રાધામોની સુરક્ષા, પ્રવાસ વગેરે અંગે વિશદ્ વિગતો આપી છે.

શેણીથર ચારધામની યાત્રા વૈશાખ સુદ ત્રીજના હોય છે. યાત્રા માટેના પ્રવાસીઓને વિઝા મળતાં જોધપુર રાજસ્થાનથી ભારતના આખરી રેલવે સ્ટેશન મુનાબાવ પહોંચ્યા, ત્યાં સામાન્ય વિધિ પતાવી ખોખરાપારથી કરાંચી હોય છે. પાણી પીવાની પણ મનાઇ. એક દિવસ-રાત્રિના રોકાણ બાદ લુણંગ દેવની યાત્રા આરંભાય, ત્યાં પણ યાત્રાળુ એક રાત્રિના રોકાણ પછી માતાઇદેવ (હાજી



નગરઠઠ્ઠા (સિંધ)નું મામૈઈ દેવનું મંદિર.

પહોંચ્યા.

ભારતમાંથી શેણીથર યાત્રાએ જતા યાત્રાળુનાં પાકિસ્તાનમાં કોઇ સગા ન હોય તો ત્યાંનો કરાચી (પાક.)નો મહેશ્વરી સમાજ યાત્રાળુઓને વ્યવસ્થા ગોઠવી દે છે. કરાચીમાં કચ્છી મહેશ્વરી (મેઘવાળ) પંચાયત - કરાચીમાં રહેવા વગેરેની સગવડ છે.

**યાત્રા ક્યારે શરૂ થાય :** શેણીથરની મુખ્યયાત્રાનો વૈશાખ સુદ ત્રીજના મહિમા છે. વૈશાખ સુદ ત્રીજના મહેશ સંપ્રદાયના મુખ્ય આરાધ્ય દેવ ધણી માતંગદેવના મંદિરે યાત્રાળુઓ પહોંચી આવે. અહીં વિવિધ ધાર્મિક વિધિવિધાનો, ખડિયા, છત્ર, લાકડી વગેરેની વિધિબાદ મંદિરે કકર સ્નાન એટલે કે રેતીસ્નાન કરે. યાત્રાળુઓ ઓળપૂજન વગેરે વિધિ પતાવી ખડિયા, ખોલી ઠાઠ, મહેશ્વરને અર્પણ કરે. આ યાત્રા દરમ્યાન નકોરડા ઉપવાસ

નજીકના નગર ઠઠામાં આવેલા શ્રી મામૈ દેવની યાત્રાળુ યાત્રા કરી ધન્યતા અનુભવે છે.

સરહદી વિસ્તાર હોવાથી પાકિસ્તાની રેન્જર્સ, પાક. આર્મી વગેરેના કડક ચેકિંગ બંદોબસ્ત છતાં ભારતીય યાત્રાળુઓને કોઇ કનડગત નથી.

**પાકિસ્તાનમાં મહેશ્વરીઓ :** પાકિસ્તાનના મહાનગર ગણાતા કરાચી શહેરમાં ૭૦થી ૮૦ હજાર મહેશ્વરી મેઘવાળ સમાજની વસતી છે. તે સિવાય હૈદ્રાબાદ, ઉમર કોટ, મિરપુરખાસ, માતલી, બદીન, નગર ઠઠા, હાજી સાવણ, ટંડો ઇસ્માઇલ તેમજ સિંધના વિવિધ ગામ-શહેરોમાં તેમજ થરપારકર જિલ્લામાં મહેશ્વરીઓ વસવાટ કરે છે.

કરાચીમાં કુંભારવાડા, ચાકીવાડા, જોડિયા બજાર, કરલી, લીઆરી, મહમદઅલી ઝીન્નાહ રોડ સહિત સમાજના લોકો મજૂર વર્ગથી-વેપારી વર્ગ સુધીના વ્યવસાય-ધંધા કરે છે.

મહેશપંથીના યાત્રાધામો નજીક ન તો કોઇ સ્થાનિક દબાણ છે કે ન કોઇ કનડગત કરે છે. કોઇપણ જાતનો પ્રજા કે વહીવટી તંત્રનો અવરોધ નથી.

**ત્યાંના સમાજની ફરિયાદ :** પાકિસ્તાનમાં વસતા મહેશપંથી હિન્દુ સમાજને ભારત સરકાર તેમને કચ્છના વિઝા આપતી ન હોવાનો વસવસો છે.

શેણીથર યાત્રાના સંઘના મુખી રામજીભાઇ માગલિયા, ધર્મગુરુ હેમરાજભાઇ દેવરાજ માતંગ, જેસંગ માતંગ તેમ જ સંઘના મોવડી કોરશીભાઇ ઘેડા (મુંદરા) સહિત કચ્છ-સૌરાષ્ટ્રના મોટી સંખ્યામાં યાત્રાળુઓએ યાત્રા પૂર્ણ કરી

(જુઓ પાનું ૩)

## શેણીથર

હતી. ત્યાં મહેશ્વરી સમાજની વસતી સાથે સમાજના ધર્મગુરુઓ મહેશપંથના ધર્મસ્થાનોની પરંપરાગત પૂજા-અર્ચના અને સારસંભાળ તેમજ વ્યવસ્થા સંભાળે છે, તેમજ સંપ્રદાયના તમામ ધાર્મિક-સામાજિક નીતિ- નિયમો, વિધિવિધાનો અહીંની જેમ જ કરે-કરાવે છે.

મહેશ્વરીઓ માટે આ શેણીથરની યાત્રાનું કેટલું મહત્ત્વ છે તે મામૈ દેવની આ વાણીથી તેની ભવ્યતા સાબિત થાય છે .

પહેલો તીર્થ ચન્દ્રુવો (લાખોંદ), બીજો કારુંભો કેદાર (પાલીતાણા), ત્રીજો લિંગ સોમિયો (સોમનાથ), ચોથો શેણીથર આય ભવજો તારણહાર (સિંધ-પાક.).

આ ચારધામોની યાત્ર સંઘના મુખી રાજકોટના રામજીભાઇ માગલિયા અને ધર્મગુરૂ જેસંગભાઇ મતિયા (રાજકોટ)ની આગેવાની હેઠળ મુંદરા મહેશ્વરી સમાજના અગ્રણીઓ કોરશીભાઇ ઘેડા, હીરભાઇ ઘેડા, ચાગભાઇ મગન મારાજ સહિતના સંઘે કરી આવતાં તેમને સન્માનવા મુંદરા મહેશ્વરી સમાજે સમાજના ધર્મગુરુઓની ઉપસ્થિતિમાં સમારોહ યોજ્યો હતો.

મુંદરા મહેશ્વરી સમાજના પ્રમુખ અશોકભાઇ મહેશ્વરી, ધર્મગુરુ શંકરભાઇ મતિયા, કાનજીભાઇ માતંગ, રવિલાલ ઘેડા તેમજ ધારાસભ્ય શ્રી રમેશભાઇ મહેશ્વરી પરિવાર તેમના માતા ધારબાઇ મહેશ્વરી સહિતના મોવડીઓએ ફૂલહારથી સ્વાગત કર્યું હતું.

સ્વાગત સમારંભની વ્યવસ્થા સમાજના કાર્યકર નામોરી થાવર માગલિયાએ કરી હતી. તો ધારાસભ્ય રમેશભાઇ મહેશ્વરીના પરિવારે આયોજન-વ્યવસ્થા સંભાળી હતી.

કચ્છમિત્ર
તા. ૨૬-૦૬-૨૦૦૮